## સંક્ષિપ્ત સમાચાર

### પાવાગઢ મહાકાળી મંદિરે ભક્તિભાવ સાથે જન્માષ્ટમીની ઉજવણી કરી



**હાલોલ :** ભક્તોએ માથા પર ભગવાન શ્રીકૃષ્ણની પાલખી ધારણ કરી ભવ્ય યાત્રા યોજી, સમગ્ર પાવાગઢ ગુંજી ઉઠ્યું ‘જય શ્રીકૃષ્ણ’ના નાદથી પાવાગઢ ખાતે જન્માષ્ટમીના પાવન પર્વની મહાકાળી મંદિર ખાતે ભક્તિભાવ અને ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે મહાકાળી મંદિર પરિસરમાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભક્તો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની પાલખી માથા પર ધારણ કરીને ભવ્ય પાલખી યાત્રા યોજવામાં આવી હતી.

### કાલોલ તાલુકાની કરાનામુવાડા પ્રાથમિક શાળામાં ઉત્સાહભેર ‘શિક્ષક દિન’ની ઉજવણી



**કાલોલ :** આજ રોજ ૫મી સપ્ટેમ્બર, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે કાલોલ તાલુકાની કરાનામુવાડા પ્રાથમિક શાળામાં ‘શિક્ષક દિન’ (Teacher’s Day) ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો. ગુરુ વંદન અને પૂજન: કાર્યક્રમની શરૂઆત ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની પ્રતિમા કે ફોટો સમક્ષ દીપ પ્રાગટ્ય અને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.આ દિવસે શાળાના ધોરણ-૩ અને ૫ ના વિદ્યાર્થીઓએ ‘બાળ શિક્ષક’ બનીને ઉત્સાહપૂર્વક પ્રોત્સાહક ભૂમિકા ભજવી હતી અને નાના બાળકોને વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરાવવાનો અનોખો અનુભવ મેળવ્યો હતો.

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં વિશ્વ પર્યાવરણ સ્વાસ્થ્ય દિવસે વ્યાખ્યાન યોજાયું




**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ), દાહોદના ઈકો ક્લબ દ્વારા વિશ્વ પર્યાવરણ સ્વાસ્થ્ય દિવસની ઉજવણી નિમિત્તે નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં નિષ્ણાત વક્તા તરીકે ડો. રાજીવ ભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય વચ્ચેના ગાઢ આંતરસંબંધ અંગે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાડીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંકલન અને સંચાલન ઈકો ક્લબ કોઓર્ડિનેટર શ્રીમતી પ્રસન્ના સંગાડા દ્વારા કરવામાં આવ્યું હતું.

### જન્માષ્ટમી નિમિતે ડેરોલ ગામમાં ભવ્ય મેળો ભરાયો, મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા



**કાલોલ :** કાલોલ તાલુકાના ડેરોલ ગામમાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભવ્ય મેળો ભરાયો દર વર્ષે ગામમાંમેળો યોજાય છે.જન્માષ્ટમીના પવિત્ર પર્વ નિમિત્તે મેળો એ ભારતીય સંસ્કૃતિ, લોકજીવન અને આનંદ-ઉલ્લાસનું એક સુંદર પ્રતીક છે. ખાસ કરીને ગુજરાતમાં જન્માષ્ટમીના મેળાનું વિશેષ આકર્ષણ હોય છે મેળામાં એક તરફ શ્રીકૃષ્ણ જન્મનો ઉત્સવ અને ભક્તિભાવ હોય છે, તો બીજી તરફ મનોરંજન, ખરીદી અને ખાનપાનનો આનંદ હોય છે.લોકો પરંપરાગત અને રંગબેરંગી વસ્ત્રો પહેરીને પરિવાર અને મિત્રો સાથે મેળામાં આવે છે, જેથી લોકસંસ્કૃતિનો સુંદર નજારો જોવા મળે છે.

### કાલોલના ગૌષ્ણેશ્વર મહાદેવ મંદીરમાં જન્માષ્ટમી નિમિતે વિવિધ ફૂલોનો નયનરમ્ય શણગાર કરાયો



**કાલોલ :** કાલોલ તાલુકાના મધવાસ ગામે આવેલ સ્વયંભૂ ગૌષ્ણેશ્વર મહાદેવ મંદીર સમગ્ર પંથકમાં શ્રદ્ધા નુ કેન્દ્ર છે જન્માષ્ટમી નિમિત્તે ભગવાનને ફૂલો વડે શણગાર કરવામાં આવ્યો હતો અને સમગ્ર ગર્ભ ગૃહ ફુલોની માળા અને પાંખડીઓ થી સજાવાયું હતું નજીકમાં આવેલા હનુમાનજી મંદિરમાં પણ ફૂલોની રંગોળી બનાવી હતી. મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એ દર્શન નો લહાવો લીધો હતો. સવારથી જ મંદિરના પ્રાંગણમાં મેળો ભરાય છે અહી ભક્તજનો મોટી સંખ્યામાં દર્શન કરવા આવે છે તેઓની દરેક મનોકામના ગૌષ્ણેશ્વર મહાદેવ પુર્ણ કરે છે.ભક્તજનો મેળા માં અવનવી ચીજવસ્તુઓ ખરીદે છે.

---

દાહોદ-ગોધરા અને ઝાલોદ રોડ પર દબાણોનો સફાયો થશે

## લીમખેડામાં ૫૦૦થી વધુ દબાણોનું ડિમાર્કેશન, તંત્ર એક્શન મોડમાં આવ્યું

**નોટિસ** બાદ પણ દબાણ નહીં હટે તો તંત્ર જાતે કાર્યવાહી કરશે



(પ્રતિનિધી) દાહોદ, તા.5

લીમખેડા શહેરમાં રોડને અડીને કરવામાં આવેલા દબાણો સામે આખરે વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. શહેરમાંથી પસાર થતા દાહોદ-ગોધરા રોડ તેમજ ઝાલોદ રોડ પરના દબાણો દૂર કરવાની દિશામાં ગુરુવારે ડિમાર્કેશનની કામગીરી હાથ ધરવામાં આવીહતી. લાંબા સમયથી ટ્રાફિકની સમસ્યાનો સામનો કરી રહેલા લીમખેડાવાસીઓ માટે તંત્રની આ કાર્યવાહી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. રોડની બંને બાજુએ નિયમ વિરુદ્ધ રીતે કરવામાં આવેલા વિવિધ પ્રકારના દબાણોના કારણે રસ્તાની પહોળાઈ ઘટતી હોવાની ફરિયાદો વચ્ચે હવે દબાણો દૂર કરવાની પ્રક્રિયા આગળ ધપાવવામાં આવેછે.ડિમાર્કેશનની કામગીરી કરી દબાણોની ઓળખ કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ બંને મુખ્ય માર્ગો પર ૫૦૦થી વધુ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાહતા. દબાણદારો દ્વારા ઉભું કરવામાં આવેલા પથારાં સહિતના દબાણોનો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સમાવેશ થાય છે.વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે નોટિસ મળ્યા બાદ દબાણદારો પોતાનું દબાણ જાતે દૂર કરે તેવી પ્રથમ તબક્કે કાર્યવાહી રહેશે. જો નોટિસ આપવામાં આવ્યા બાદ પણ દબાણ દૂર કરવામાં નહીં આવે તો વહીવટી તંત્ર દ્વારા જાતે જ દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ કાર્યવાહી માટે આગામી દિવસોમાં તંત્ર દ્વારા જરૂરી આયોજન કરવામાં આવી રહ્યું છે. દબાણ દૂર કરવાની કામગીરી દરમિયાન કોઈ વિવાદ કે અનિચ્છનીય પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે પણ વહીવટી તંત્ર દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે. ડિપાર્કેશનની કામગીરી દરમિયાન વિશ્વ, લુકાસઆપકી પ્રકાશ રાવત, લીમખેડા પોલીસ ઈન્સ્પેક્ટર સંદીપ વસાવા સહિતના ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે તંત્રની ટીમે મુખ્ય માર્ગો પર ડિમાર્કેશનની કામગીરી આગળ ધપાવી હતી. ડિમાર્કેશનની કામગીરી શરૂ રોડ પર દબાણ કરનારા લોકોમાં ફફડાટ ફેલાયો છે. વર્ષોથી આસપાસ વિવિધ પ્રકારના દબાણો કરી વ્યવસાય કરતા લોકોમાં હવે પોતાનું દબાણ હટાવવું પડશે કે નહીં તેનીચિંતા જોવા મળી રહી છે. બીજી તરફ, તંત્રની કાર્યવાહીથી શહેરના મુખ્ય માર્ગો ખુલ્લા થવાની અને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળવાની આશા સ્થાનિકોમાં જાગી છે. લીમખેડા શહેરમાં ટ્રાફિકની સમસ્યા સ્થિત માથાનો દુખાવો બની છે. મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર વચ્ચે રોડની બાજુમાં લારી-પથારાં, દુકાનો આગળના ઓટલા અને અન્ય દબાણોના કારણે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડે છે.

### કાલોલની બાકરોલ પ્રા.શાળામાં શિક્ષક દિન ઉજવાયો



કાલોલ : ડૉ .સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિનને શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે .આ દિવસ સમાજ ઘડતરમાં મહત્વનું યોગદાન આપનાર ગુરુઓ અને શિક્ષકોના આદર તથા સન્માન માટે સમર્પિત છે.બાળકો અને સમાજ શિક્ષકોનું મહત્વ સમજે અને આદર કરે એ ઉદ્દેશથી કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં ઉત્સાહભેર શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી .શાળા પરિવારના તમામ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આ દિવસે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શાળાનું સંચાલન કરવામાં આવ્યું.

---

તા.પં. ઉપપ્રમુખ નિરાલીબેન બારીયાની રજૂઆત

## થાળા સિંચાઈ ચોકડી ખાતે એસ.ટી. સ્ટોપેજ માટે સાંસદની ભલામણ

**હાલ** સંજેલી તરફના આઠેક ગામોના લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે

(પ્રતિનિધી) સિંગવડ, તા.5

સિંગવડ અને ગુરુ ગોવિંદ લીમડી તાલુકાને જોડતી મહત્વની થાળા સિંચાઈ ચોકડી ખાતે એસ.ટી. બસોનું સ્ટોપેજ ન હોવાથી વિદ્યાર્થીઓ અને નાગરિકોને પડતી હાલાકી અંગે સિંગવડ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ નિરાલીબેન બારીયા એ સાંસદ જસવંતસિંહ ભાભોરને રજૂઆત કરી હતી. આ રજૂઆતને ધ્યાને લઈને સાંસદ જસવંતસિંહ ભાભોરે તા. ૦૩-૦૯-૨૦૨૬ ના રોજ જી.એસ.આર.ટી.સી. ના વિભાગીય નિયામક, ગોધરાને પત્ર લખી થાળા સિંચાઈ ચોકડી એ ઝાલોદ, સિંગવડ, લીમડી અને લીમખેડા તાલુકાને જોડતો મુખ્ય માર્ગ હોવાથી ત્યાં સ્ટોપેજ ન હોવાથી મુસાફરોને હાલાકી પડે છે, જેથી અહીં નિયમિત સ્ટોપેજ આપવા યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થાળા સિંચાઈ ચોકડી પરથી મુનાવાણી, ચોકી, સિંગાપુર, કાળીયારાઈ સહિત સુડીયા, છાપરી, સંજેલી તરફના અનેક ગામોના લોકો અવરજવર કરે છે. અને તેમને લીમખેડા લીમડી જવા માટે પણ આ ચોકડી પરથી બેસવું પડતું હોય છે માટે થાળા ચોકડી પર એસટી બસ નું સ્ટોપેજ આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે

### દાહોદના રાછરડા ગામમાં આદિવાસી મા.અને ઉ.મા. શાળામાં શિક્ષક દિન ઉજવાયો



દાહોદ : દાહોદ તાલુકા ના રાછરડા ખાતે આવેલી આદિવાસી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,રાછરડા માં શિક્ષક દિવસ ની ઉજવણી કરવામાં આવી. શાળા ના ચીમનભાઈ ગુંડિયા વય નિવૃતિ ના કારણે હેડ કલાર્ક માંથી સેવા નિવૃત થઈ રહ્યા છે.તેઓ કાર્યનિષ્ઠ સૌના પસંદિતા હોવાને કારણે શાળાના સહકર્મીઓ,શિક્ષકો,વિધાર્થીઓ સાથે ખૂબ સારો વ્યવહાર રહ્યો હોય તેઓના સેવાકાળ ને બિરદાવવા ડો .અશ્વિન શુક્લા અને રોટરી ડાયમંડ ના સદસ્યો એ સમ્માન પત્ર,શાલ,માળા પહેરાવી સન્માનિત કર્યા હતા.

---

ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ 15થી 17 ફૂટ ઊંડાણમાંથી મૃતદેહ બહાર કાઢ્યો

## ઢીકવા ડેમના ઊંડા પાણીમાં ડૂબી જતા આધેડનું મોત

મૃતકની ઓળખ ઢીકવા ગામના રાઠવા પરસોત્તમભાઇ નારાયણભાઇ તરીકે થઈ, પોલીસે તપાસ શરૂ કરી

(પ્રતિનિધી) હાલોલ, તા.20

હાલોલ તાલુકાના ઢીકવા ગામ પાસે આવેલા ડેમમાં શુક્રવારે એક પુરુષ કોઈ અગમ્ય કારણોસર ડૂબી જતાં ચકચાર મચી ગઈ હતી. બનાવની જાણ થતાં હાલોલ ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત



બાદ ડૂબેલા પુરુષનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યો હતો.

ફાયર રેસ્ક્યુ ટીમના જવાનોએ જરૂરી સાધનો સાથે ડેમના પાણીમાં ઉતરી શોધખોળ હાથ ધરી હતી. આશરે 15થી 17 ફૂટ ઊંડા પાણીના તળિયેથી ડૂબેલા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો, જેને ટીમે બહાર કાઢ્યો હતો. તપાસ દરમિયાન મૃતકની ઓળખ ઢીકવા ગામના જ રહેવાસી રાઠવા પરસોત્તમભાઈ નારાયણભાઈ તરીકે થઈ હતી. ઘટનાની જાણ થતાં પાવાગઢ પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. બનાવ અંગે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આધેડનું મોત કયા સંજોગોમાં ડૂબી જવાથી થયું તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

---

જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજૂઆત કરાઇ

## પઢિયાર ગામના સરપંચને હોદ્દા પરથી દૂર કરવાના હુકમમાં વિલંબ કેમ ?

**ફરિયાદીને** રૂબરૂ મુલાકાત દરમિયાન ગોળ-ગોળ જવાબો આપી વધુ સમય પસાર કરવામાં આવી રહ્યો છે

(પ્રતિનિધી) ગોધરા, તા.5

ગોધરા તાલુકાની પઢીયાર ગ્રામ પંચાયતના સરપંચ હરેન્દ્રસિંહ રામસિંહ રાઉલજી સામે નાણાકીય ઉચાપત અને સત્તાના દુરુપયોગ બદલ ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૫૭ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી ચાલી રહી છે. આ કેસમાં જિલ્લા વિકાસ અધિકારી (પંચમહાલ) સમક્ષ ગત તા. ૨૧/૦૮/૨૦૨૬ ના રોજ અંતિમ સુનાવણી સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગઈ હોવા છતાં હજુ સુધી આખરી હુકમ બહાર પાડવામાં અકારણ વિલંબ કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ મામલે જાગૃત નાગરિક ભુપતભાઈ ડાભીએ રાજ્યના વિકાસ કમિશનરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક દરમિયાનગીરી કરવા માંગ કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, સરપંચને બચાવ માટે કાયદાકીય રીતે ત્રણ મુદતો આપી દેવાઈ છે અને સુનાવણી બાદ ૭ દિવસમાં હુકમ કરવાની વાત હતી. તેમ છતાં, જિલ્લા પંચાયત કચેરી દ્વારા ફરિયાદીને રૂબરૂ મુલાકાત દરમિયાન ગોળ-ગોળ જવાબો આપી વધુ સમય પસાર કરવામાં આવી રહ્યો છે. જેથી વહીવટી તંત્ર અને સરપંચ વચ્ચે મિલીભગત હોવાની શંકા ઉપજે છે. સરપંચ પર પોતાની જ પેઢીમાં સરકારી નાણાં જમા કરાવવા જેવા ગંભીર આક્ષેપો પ્રાથમિક તપાસમાં સાબિત થઈ ચૂક્યા છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા સરપંચને વધુ સમય આપી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાનો ખુલ્લો દોર અપાતો હોવાના આક્ષેપ સાથે તાત્કાલિક સરપંચને હોદ્દા પરથી દૂર કરતો હુકમ બહાર પાડવા માંગ સાથે રજુઆત કરવામાં આવી છે.

### કાલોલના ભુખી ગામેથી ૯.૯૩ લાખથી વધુનો વિદેશી દારૂ જથ્થો ઝડપાયો

દાહોદ : એલ.સી.બી. પીએસઆઈ બી.એમ. રાઠોડ તથા અ.પો.કો. સત્યજીતસિંહ દિગ્વિજયસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે ભુખી ગામના ખેડા ફળિયામાં રહેતો વિરેન્દ્રસિંહ ઉર્ફે ભુરીયો રણજીતસિંહ જાદવ બોલેરો પ્લસ ગાડી (નંબર GJ-06-ED-9627 માં વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવી પોતાના ઘર પાસે ખુલ્લી જગ્યામાં સંતાડી સગેવગે કરવાની પેરવીમાં છે. બાતમી આધારે ટીમે સ્થળ પર પહોંચી તાડપત્રી ઢાંકેલી બોલેરો ગાડીની ઝડતી લેતાં અંદરથી વિદેશી દારૂના ક્વાટરિયા તેમજ બીયરના ટીનનો મોટો જથ્થો મળી આવ્યો હતો.આ મામલે આરોપી વિરેન્દ્રસિંહ ઉર્ફે ભુરીયો રણજીતસિંહ જાદવ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

---

રાહદારીઓએ પોલીસને જાણ કરી

## રામનાથ તળાવ પાસે કચરા ડેપોમાંથી નવજાતનો મૃતદેહ મળ્યો

**પોલીસે** ગુનેગારની તપાસ હાથ ધરી છે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ બાળકના મોતનું કારણ સ્પષ્ટ થઈ શકે છે

(પ્રતિનિધી) ગરબાડા, તા.5

ગરબાડામાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. રામનાથ તળાવ પાસે આવેલા કચરા ડેપો નજીક દાટવામાં આવેલા નવજાત બાળકના મૃતદેહને કૂતરાએ ખોદી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ ત્યાંથી પસાર થતા લોકોએ મૃતદેહ જોતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. મળતી માહિતી મુજબ નવજાત બાળકના મૃતદેહને કચરા ડેપો પાસે દાટી દેવામાં આવ્યો હતો. જોકે કૂતરાએ દાટેલી જગ્યાએ ખોદકામ કરતાં મૃતદેહ બહાર આવી ગયો હતો. બાદમાં પસાર થતા લોકોએ નવજાતનો મૃતદેહ જોયો હતો. મૃતદેહની હાલત પણ ખરાબ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં ગરબાડા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને નવજાત બાળકના મૃતદેહને બહાર કઢાવી પોસ્ટમોર્ટમ (PM) અર્થે મોકલી આપ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ બાળકના મોતનું કારણ સ્પષ્ટ થઈ શકે છે, જ્યારે આ સમગ્ર મામલે પોલીસ તપાસમાં જોતરાઈ છે.

---

એક માસ અગાઉ કાલોલ મામલતદારે ૨ ડમ્પર ઝડપ્યા હતા

## જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી કચેરી દ્વારા ૬.૬૦ લાખનો જંગી દંડ વસૂલ્યો

(પ્રતિનિધી) કાલોલ, તા.5

કાલોલ મામલતદાર અને તેમની ટીમ દ્વારા ગેરકાયદેસર ખનીજ વહન કરનારાઓ સામે એક માસ અગાઉ લાલ આંખ કરીને દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અલીન્દ્રા ખાતે તા ૦૬/૦૮/૨૬ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે ડમ્પર નં. GJ 23 AY 9139 અટકાવવામાં આવ્યું હતું. જેના ડ્રાઈવર પાસેથી તપાસતા અંદાજે ૪૩ મેટ્રિક ટન GSB ખનીજ મળી આવ્યું હતું. બાકરોલ ખાતે બપોરે ૧:૦૦ વાગ્યે ડમ્પર નં. GJ 23 AW 4631 પકડાયું હતું. જેના ડ્રાઈવર પાસેથી ૪૬.૫ મેટ્રિક ટન GSB



ખનીજ મળી આવ્યું હતું.માલિક ખુશભાઈ (રહે. સાવલી)ના કહેવાથી મહીસાગર/મહીનદીના ઉદલપુર ખાતે થી આ ખનીજનો જથ્થો ભરીને મધવાસ ખાતે લઈ જઈ રહ્યા હતા. વાહન ચેકિંગ વખતે ભુસ્તર વિજ્ઞાન અને ખાણ ખનીજ વિભાગ તરફથી અધિકૃત કરાયેલો કોઈ પણ પ્રકારનો રોયલ્ટી પાસ, ડિલિવરી ચલાણ કે વાહન રજીસ્ટ્રેશનના પુરાવા મળી આવ્યા ન હતા.

### સંજેલીના ગરાડીયા ગામે ગુમ થયેલા આધેડનો મૃતદેહ તળાવમાંથી મળ્યો

સંજેલી : બનાવની વિગત અનુસાર વિરસીંગભાઈ છગનભાઈ બારીયા તા. 2 સપ્ટેમ્બરના રોજ બપોરના આશરે સાડા બાર વાગ્યે ઘરે પાસબુક લઈને ‘દૂધનો પગાર બેંકમાંથી લઈને આવું છું’ તેમ કહીને નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ ઘરે પરત ફર્યા નહોતા. મોડી સાંજ સુધી ઘરે ન આવતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ગરાડીયા ગામના તળાવમાં એક વ્યક્તિ ડૂબેલી હાલતમાં મળી આવી છે. જાણ થતાં પરિવારજનો તળાવ ખાતે પહોંચ્યા હતા, જ્યાં સ્થાનિક લોકોએ મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી કિનારે મુક્યો હતો. પરિવારજનોએ ઓળખ કરતા મૃતદેહ વિરસીંગભાઈ છગનભાઈ બારીયાનો કોટા ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું હતું.

---

આગળ જતી ટ્રક ને ઓવરટેક કરવા જતા કાર પલટી ગઇ

## લીમખેડા બાયપાસ પર મોડી રાત્રે અકસ્માતમાં એકનુ મોત

ત્રણને ગંભીર ઈજાઓ થતાં નજીકના હોસ્પિટલમાં ખસેડાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.5

ગત રોજ મોડી રાતે મધ્યપ્રદેશ તરફથી ગોધરા તરફ પૂરપાટ દોડી આવતી બ્રેઝાગાડીના ચાલકે લીમખેડા બાઈપાસ પર આગળજતી ટ્રકને ઓવરટેક કરવા જતાં ગાડીની વધુ પડતી ઝડપને કારણે બ્રેઝા ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા બ્રેઝા ગાડી પલ્ટી ખાઈ જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બ્રેઝા ગાડીના ચાલકનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું જ્યારે ગાડીમાં બેઠેલ અન્ય ત્રણ જણાને ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર માટે નજીકની સરકારી હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યાનું તેમજ બ્રેઝા કારનો કચ્ચરઘાણ વળી ગયાનું જાણવા મળ્યું છે. દાહોદ જિલ્લામાં વાહનચાલકોની ગફલત તેમજ વાહનની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપના કારણે છેલ્લા કેટલાય સમયથી શરૂ થયેલો ગમખ્વાર અકસ્માતનો સીલસીલો હજીયે રોકાવાનું નામ લેતો નથી. તેવા સમયે ગત મોડી રાતે મધ્યપ્રદેશથી ગોધરા તરફ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે દોડી જતી જીજે ૧૭બી.એન-૯૦૭૧ નંબરની બ્રેઝા ફોરવીલ ગાડીના ચાલકે લીમખેડા બાયપાસ પર આગળ જતી ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો તે સમયે બ્રેઝા ગાડીના ચાલકે ગાડીના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ગાડી બે પલ્ટી ખાઈ જતાં ગમખ્વાર અકસ્માત સર્જાતાં બ્રેઝા ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જેમાં બ્રેઝા ગાડીના ચાલકને માથામાં તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.